દલગીર હવા। श्रीसहजानंदायनमः ॥

(શ્રી અમદાવાદની સ્વામીનારણની ગાદીના આચાર્ય
શ્રીધર્મધુરંધર મહારાજા ધીરાજ કેશવપ્રસાદજી
અયોધ્યાપ્રસાદજીના પુત્ર.)

श्री पुरुषोतमप्रसादजी विरह,

चरित्र.

દુહા.

વિસાર્યા વીસરે નહી, પુરૂશોતમપ્રસાદ;
કેશવ સુત કોડામણા, હરદમ આવે યાદ. ૧

રાગ પરજ.

" મેલોને મોહન મારી માટલી. મારાં મહીડાં ઝલકાય; "
" ભિંજે છે નવરંગ ચુંદડી, કાંના કંપે છે કાય. " એ રાગ.

પુરૂશોતમપ્રસાદજી પધારીયા, આચાર્ય અક્ષય ધામ;
સાધુ પડયા સૈ શોકમાં, સતસંગી તમામ. પુરૂશોતમ. ટેક.
દલગીર હવા બહુ દેસનારે, રીદ્ધીપતી રાજાન;
અધીકારી ઓપીસરો, ધર્મીષ્ટો ધનવાન. પુરૂશોતમ. ૧
શ્રી અયોધ્યાપ્રસાદજીના ઉપજ્યારે, કૃપાળુ કેશવપ્રસાદ:
પુત્ર પુરૂશોતમલાલજી તેમના, મોટી માનનાર મર્યાદ. પુરૂશોતમ. ૨
ફસોસ ઓછી ઉમરેરે, મોધી મુકીસુદેહ;

સાધુ સતસંગીનો તોડીને, સાગર ભર્યો સનેહ.
સુત મુકયા વિણુ સીધવિયારે, ધર્મધુરંધર ધાર;
જેથી કરી સૌજન તણું, બેહદ દીલ દીલગીર. પુરૂશોતમ. ૪
ત્રીજી પેઢીએ તેમનોરે, અરે આવ્યોજ અંત;
સતસંગી સર્વે કહે, શું ગમ્યું ભગવંત. પુરૂશોતમ. ૫
ધર્માચારની ધરા વિશેરે, ખોટ જાણી અપાર;
દુઃખી દીસે જેથી દાખવું, વિરો વિરહ ચીતાર. પુરૂશોતમ. ૬
સુરતા પ્રોઇ સ્વરૂપમાંરે, દ્દઢ ધરીસુ ધ્યાન;
જુઠી બાજી જાણી જુગની, કર્યું પ્રભુમાં પ્રયાણ. પુરૂશોતમ. ૭
મળસકે ઉઠી મહારાજજીરે, સદૈવ કરતાજ સ્નાન;
નીત કર્મ કરી નેહથી, કથા સુણુતા કાન. પુરૂશોતમ. ૮
વચનામૃત મુખે વદીરે, સૌનો ટાળતા સંદેહ;
પારાયણુ કરતાં જે પડે, નીર્મળ આણી સુનેહ. પુરૂશોતમ. ૯
સાધુ સરવને પોસતારે, તાજે રાખી તપાસ;
વભો ચલાવતા વડીલનો, ઉર આણી હુલ્લાસ. પુરૂશોતમ. ૧૦
વિધવિધ સેવા કરી વિભુનેરે, બહુ લડાવતા લાડ;
ખંત રાખી ખરા દીલથી, સુણુતા સહુની દાદ. પુરૂશોતમ. ૧૧
આચાર્ય મોટા હીંદ ધર્મનારે, સ્વામીનારાયણુ કહેવાય;
પતીતને પાવન કર્યા, મેરૂસમ મહીમાય. પુરૂશોતમ. ૧૨
સાધુ સતસંગી સર્વમાંરે, મોટું મેળવ્યું માન;
ઉચીત એથી ઉર ધારીને, વદાય વિરહ બોયાન. પુરૂશોતમ. ૧૩

विरह संताप.

શોકજનક બિના આ સાંભળીરે, વસ દેશ વિદેશ;

દલગીર હવા બહુ દીલમાં, નામદાર નરો નરેશ. પુરૂશોતમ. ૧૪
યાદ આવે અફસોસમાંરે, આસેખાય તે નામ;
સંતાપ કરનાર સતસંગીનાં, ઘણાં પ્રસિદ્ધ ગ્રામ. પુરૂશોતમ. ૧૫
સદાચરણી મહારાજા સુવેરનારે, ઘણા હવા ગમગીન;
જસ્વી શ્રી જગતસિંહજી, પરમ હરિભક્ત પ્રવિણ. પુરૂશોતમ. ૧૬
ભરત ભૂમીના ભૂપમાંરે, મોટું મેળવો માન;
અમોઘ આશીર્વાદ અમતણો, શુભ જોયાથી શાન. પુરૂશોતમ. ૧૭
મર્તબાદાર મોટા મોડજીરે, માળીઆના દરબાર;
અફસોસ હરીભક્ત ઉમદા, સુરવીર સરદાર. પુરૂશોતમ. ૧૮
ચરાડવાના ચહાવારાજવીરે, વીભાજી કરે વિષાદ;
ધીમંત ભાયાત ધ્રાંગધ્રા તણા, જેમની મોટી મર્યાદ. પુરૂશોતમ. ૧૯
ખેદજનક ખાચર ગઢડા તણારે, ગીગોજી ગુણવાન;
રાવત ખાચર રૂડા તેમના, બંધુ બુદ્ધિ નીધાન. પુરૂશોતમ. ૨૦
મશહુર દરબાર મુળીનારે, દાના હવા દલગીર;
સાધુપાળા સૌ સોકમાં, સંભાળનાર મંદીર. પુરૂશોતમ. ૨૧
કેશવલાલ હીરાલાલ કૃપાનીધીરે, માજી દીપોટી દીવાન;
સોકજનક સાહેબ ઘણા, બ્રહ્મક્ષત્રી બુદ્ધમાન. પુરૂશોતમ. ૨૨
રાવબહાદુરે રેમ દીલથીરે, સબળ રાખી સંભાળ;
મંદીર તણી મોટા ભાવથી, આવવા દીધી ન આળ. પુરૂશોતમ. ૨૩
તપાસ રાખી તનમનથીરે, કહે સકળ સમાજ;
ઉપાય ઉમદા ચોજીઆ, દીલમાં આણી શું દાજ. પુરૂશોતમ. ૨૪
દલગીર હવા દાના ઘણારે, સોમેશ્વરભાઇ વકીલ;
મંદીરના મોટા કામની, સેવામાં જે સામીલ. પુરૂશોતમ. ૨૫
આસાલાલ દલીચંદના દીકરારે, હવા અફસોસ ઉર;

શિવાય સર્વ હરિજનો, માઠો જોઇ મચકુર. પુરૂશોતમ. ૨૬
અધિપતિ હિતેચ્છુ તણારે, પરીમલ પીતાંબરદાસ;
મુત્સદી લખનાર મારથી, હરિભક્ત ઉદાસ. પુરૂશોતમ. ૨૭
નારાજ હવા આ નથનારે, ઉમદા અમલદાર;
સુઝ સાહેબોને પારસી, શ્રીમંત શેઠો શાહુકાર. પુરૂશોતમ. ૨૮
શોકનો સીંધુ રેલીઓરે, આખા શેહેર મોઝાર;
સંતાપ કરે સૌ માનવી, નૌત્તમ નરો ને નાર. પુરૂશોતમ. ૨૯
રાજેશ્રીકુંવર રંચવાર પણરે, રેરે રોતાં નરેહે;
પ્રાણજીવન પધારીઆ, કોને કાળજાની કેહે. પુરૂશોતમ. ૩૦
કુવા તે કેરી છાંયડીરે, કુવા માંહે સમાય;
શોકરૂપી શરણાં વહે શરીરમાં, મન માંહે મુઝાય. પુરૂશોતમ. ૩૧
જયરાજકુંવર ઝુરે ઘણુંરે, મુકી મનડાંનીધીર;
પ્રાણપતીનાં પ્રયાણથી, શ્રવે શ્રાવણ નીર. પુરૂશોતમ. ૩૨
ઉભયને ઉરમી ઉઠે અંગમાંરે, દેહ કરવાંજ દુર;
મહારાજના મહા શોકથી, એમ અકળાય ઉર. પુરૂશોતમ. ૩૩
કમળાબાના કલેસનીરે, કથા કથી ન જાય;
બાપ વિના બેબાકળાં, ચિત્ત વિશે બહુ થાય. પુરૂશોતમ. ૩૪
ઉભયને હીર ઉગીયાંરે, મહા દુઃખનાં ઝાડ;
પુત્રીને પીતા વિના, કોણ લડાવે લાડ. પુરૂશોતમ. ૩૫
અમુલખભાઇ આચાર્યનોરે, કોઠારી કરે અફસોસ;
દીલાસ્યે દીલ તેમનાં, ખરે રહે નખામોશ. પુરૂશોતમ. ૩૬
બાહોશબાળ મુકુંદજીરે, બહાદુર બળદેવપ્રસાદ;
અધિપતિ ઉઠી જતાં, વડો કરે વિશાદ. પુરૂશોતમ. ૩૭
ભગવાનપ્રસાદજીભાઇ વિનારે, દીલે દીશે દીલગીર;

માધવપ્રસાદજીને મન થકી, વિસરે નહી વીર. પુરૂશોતમ. ૩૮
મથુરાપ્રસાદજીને મન ભાવતારે, મર્તબાદાર મહારાજ;
અક્ષયનિવાસી હોવા થકી, નામદાર ઘણા નારાજ. પુરૂશોતમ. ૩૯
મુકુંદજીવનદાસ મહા ઉદાશમાંરે, સર્વોપરી સંત;
આચાર્યવિણ હરેક બાબતે, ગણા ગભરાય મહંત. પુરૂશોતમ. ૪૦
ભાડ બ્રહ્મચારી નિષ્કુળાનંદજીરે, ઘણા હવા ગમગીન;
નારાજ દીસે નારણ મુનીદાસજી, શાસ્ત્રી શોક આધિન. પુરૂશોતમ. ૪૧
શિક્ષણના સિદ્ધાંતો સ્વામીજીરે, કહે કોની તે પાસ;
અધિકારી ઉઠી જતાં, અત્યંત હવા ઉદાસ. પુરૂશોતમ. ૪૨
નૈષ્ટિક નિરંજનાનંદજીરે, અતિ કરે આક્રંદ;
હરિનારાયણદાસ ઉદાસમાં, સિવાય સાધુનું વૃંદ. પુરૂશોતમ. ૪૩
કરમસી દામજી કરેરે, ઉર અફસોસ અપાર;
હરીભકત મહા ઉમદા, ધવળ કામો કરનાર. પુરૂશોતમ. ૪૪
જાડેજા વિભાજી ખીમજીરે, ખેદ જનક ખુબ;
કેશવ સુતના• કાળથી, મર્તબાદાર મહેબુબ. પુરૂશોતમ. ૪૬
મોહોલાલ વીગેરે મહા ઉદાસમાંરે, ઉમદો ઉત્સવ કરનાર;
સોની શ્રીમાળી શેહેરના, પરીમલ પદ રચનાર. પુરૂશોતમ. ૪૭
શોકનો સિંધુ રેલીયોરે, આખી અવની મોજાર;
સાધુ સતસંગી સર્વનો, ચરચ્યો જાય ન ચીતાર. પુરૂશોતમ. ૪૮
કચ્છ ને કાઠીયાવાડનારે, ઝાલાવાડના જંન;
હાલારના ઉદાસી હવા, મચ્છુકાંઠાના મન. પુરૂશોતમ. ૪૯
લીંબડી વઢવાણ વાંકાનેરનારે, લખતરનારે લોક;
સોરઠને વળી સીંધના, સહુ કરે છે શોક. પુરૂશોતમ. ૫૦
મરૂસ્થલ મેવાડનારે, નાગોરના નીરાશ;

છડર અમનગર તણા, હરિભક્ત ઉદાસ. પુરૂશોતમ. ૫૧
મહારાઓળ માણુસા તણારે, તેજસ્વી તખતેશ;
પેથાપુર વાસણા તણા, નારાજ હવા નરેશ. પુરૂશોતમ. ૫૨
નડિયાદ ખેડા ખંભાતનારે, હરિજનો ઉદાશ;
વિશેસ કરી વડતાલના, નરો હવા નીરાશ. પુરૂશોતમ. ૫૩
મુંબાઇ સુરત ભરૂચનારે, વડોદરાના વીર;
પાટણને પાલણપુરના, દાનાભક્તો દીલગીર. પુરૂશોતમ. ૫૪
શિવાય ભક્તો સૌ શહેરનારે, લખતાં ન લખાય;
ઉદાશ હવા હરેક ગ્રામના, મોટો જાણી મહિમાય. પુરૂશોતમ. ૫૫
અરૂણ જેવા અમદાવાદમાંરે, ઉગી હવારે અસ્ત;
મહારાજોને મોટા નરો, જેથી શોકાતુર સમસ્ત. પુરૂશોતમ. ૫૬
ગુજરખંડે ઘણા ગુજર્યારે, હેબકનાક હેવાલ;
સાહ્ય કરો સૃષ્ટા તમે, કરૂણાસિંધુ કૃપાલ. પુરૂશોતમ. ૫૭
આલબેલા અમદાવાદમાંરે, કાળો વળતાયો કેર;
ગમગીંન હવા ગુરૂ જતાં, તેની પહુ શું પેર. પુરૂશોતમ. ૫૮
માન ખાતર મહારાજનારે, હાટે પાડી હરતાર;
વડા વેપારી શેઠીએ, બંધ હવાં બજાર. પુરૂશોતમ. ૫૯
સુજ્ઞ સાહેબોને પારસીરે, હિંદુઓને ઇસ્લામ;
ખેદજનક બીના સુણી, નાખુશ હવા તમામ. પુરૂશોતમ. ૬૦
ઉમેદવાર ઉમરે ઉપડયારે, અતિ અફસોસ એહ;
મનડાંની મનમાં રહી, કોની આગળ તે કેહ. પુરૂશોતમ. ૬૧
કારતક વદી અમાંસનીરે, ઓસણીસેં અકાવનની સાલ;
કેશવ સુતના કાળથી, વિશ્વમાં થઇ વિકરાલ. પુરૂશોતમ. ૬૨
કેતુ કઠણ હોય કાળજુંરે, જે જન ધારે મન ધીર;

વિલાપ વનિતાના સાંભળી, લાગે તનડામાં તીર. પુરૂશોતમ. ૬૩
કાન કઠણુ છે ઘણુારે, સાંભળી, સહન થાય;
આંખ અતિશે કોમળી, તેણે જોયું ન જાય. પુરૂશોતમ. ૬૪
ગોળમાંથી ગળપણુ ગયુંરે, તજ્યો સાકરે સ્વાદ;
ખટ રસો ખારા થયા, જાતાં પુરૂશોતમપ્રસાદ. પુરૂશોતમ. ૬૫
વાળ્યું તે મનડું વળે નહીરે, હૈયું રહે ન હાથ;
અથેચ્છ ઉમરે ઉપડ્યા, નેહ ભર્યા નરનાથ. પુરૂશોતમ. ૬૬
ગજગકાર આ ગુજર્યોરે, હેબહનાક હેવાલ;
બાહોશ બત્રીસમા વર્ષમાં, દાના દીનદયાલ. પુરૂશોતમ. ૬૭
સતસંગીને વળી શહેરનારે, છેલો કરવા પ્રણામ;
ઉભય બાજુએ ઉભા રહ્યા, હરિજનો તમામ. પુરૂશોતમ. ૬૮
કમકમાટી ભરેલો ભાસીઓરે, તે ટાઇમનો દેખાવ;
સજળ નયનાં સૌનાં હતાં, ઉપડતાં ઉમરાવ. પુરૂશોતમ. ૬૯
બ્રહ્મભોજન ભારે હતુંરે, પૌઢ કીધાંજ પુણ્ય;
શંભુમેળો કર્યો શહેરનો, નેક રાખી ન ન્યુન્ય. પુરૂશોતમ. ૭૦
શ્રવણી કીધી સર્વોપરીરે, પુરણુ આણી સુપ્રીત;
વિધવિધની વસ્તુઓ ધરી, રાખી રજવટ રીત. પુરૂશોતમ. ૭૧
રૂઝાવ્યો રૂઝે નહીરે, કલેજે કારી આ ઘાવ;
કરૂણુામય કેશવ સુતનો, બુરો બન્યો બનાવ. પુરૂશોતમ. ૭૨
ઉપકારી કામો કરી આવિયારે, પ્રભુ તમારી પાસ;
અક્ષયધામમાં એ હરિ, વડો આપજો વિલાસ. પુરૂશોતમ. ૭૩
જુઠી બાજી જાણી જકતનીરે, રાખી આપમાં હેત;
પુરૂશોતમ પ્રસાદજી પધારિયા, સારૂ છોડી સહેટ. પુરૂશોતમ. ૭૪
શિવરાજ શીર નામી કહેરે, કરૂણા સિંધુ કીરતાર;
અક્ષય સુખ હરિ આપજો, અક્ષયધામ મોઝાર. પુરૂશોતમ. ૭૫

उदाशी देखाव.

પદ-રાગ-ગરબી.

" તારૂં ગોકુળ જોવાને આવરે, મથુરાનારે વાશી;" એ-રાગ.

ઘણા હરિજનો દીશે ઉદાશરે, રાજનગર રેહેવાશી;
પુરૂષોત્તમ કરશો પ્રકાશરે, પારસ પ્રભા પ્રકાશી. ટેક. ઘણા. ૧
મંદીર માળ હવેલીઓરે, જોતાં ઝાંખાં જણાય;
તમોરે વિના તમામનેરે, ખુબ ખાલી તે ખાવા ધાયરે. રાજ. ૨
ઉદાશ દીસે અતિ ઘણોરે, સાધુ કેરો સમુદાય;
કોઠારીને કેશવલાલનીરે, અતિ ઉદાશી નહિ ઉચરાયરે. રાજ. ૩
આચાર્ય કુટુંબ હરિજનોરે, અત્યંત દીશે ઉદાસ;
પાળાને પાસે રહેનારનાંરે, વદન દીશે વિણુ વિકાશરે. રાજ. ૪
સુની સયાતમ વિનારે, સુના મેડી માળ:
દેખી દાઝે દીલમાંરે, સુખાસન સુખપાલરે. રાજ. ૫
સુના મેજને ખુરશીરે, સુની આરામચેર;
પ્રભાતે નહી પેખીએરે, લાખેણી કરતા લેહેરરે. રાજ. ૬
સુંના સુંદીર ઢોલીયારે, સુંની હીંડોળાખાટ;
સુનાં સિંહાસનો મેલી સંચર્યારે, અધિક એહ ઉચાટરે. રાજ. ૭
સભા મંડપ સુનો દીસતોરે, સુના પાળાઓ પાટ;
સુના સાધુ બ્રહ્મચારીઓરે, ઘણો ગમીભરેલ દીસે ઘાટ. રાજ. ૮

હાથી ઝુરે હાથી શેરીએરે, ઘોડા ઝુરે ઘોડાર;
ભેંસો ઝુરે ભવનો વિશેરે, ગાયો ઝુરે ગૌશાળા મોઝારરે. રાજ. ૯
નીચું માથું નમાવીનેરે, ગમીથી ખાય ન ઘાસ;
પાણી સરખું પીએ નહીરે, નાખી ઉંડો નીસાસરે. રાજ. ૧૦
વડા વિરહથી વનમાંરે, ઝુરતાં ઝાડો જણાય;
રોપા દીશે રોશે ભર્યાંરે, કુંપળો કુસુમો કરમાયરે. રાજ. ૧૧
વિરહે કરીને વનમાંરે, સકળ પક્ષી સમાજ;
કપોત કોયલ કબુતરોરે, મેનાં પોપટ બરહી બાજરે. રાજ. ૧૨
ચકવા ચકવી ચીરીયાંરે, વારી વિહારી વિહંગ;
ચકોર ચાસને બુલબુલોરે, ભમર આઘે ગતી ભંગરે. રાજ. ૧૩
ઉદાશી આ અધકિથીરે, ધુંધળ વરણો આકાશ;
ભાસે ભયાનક ભાળતાંરે, પુરો પ્રગટયો નહિ પ્રકાશરે. રાજ. ૧૪
આચાર્ય કેરા અપસોસથીરે, દુટતા દીશે તરંગ;
થીર થાનક થંભી રહ્યાંરે, ગરવી સાભર ગંગરે. રાજ. ૧૫
ઉદાસ દીશે અતિ ઘણારે, માનવંતા મહારાજાના મીત્ર;
શોકજનક સૌ શેહેરનારે, વડેરૂ જોઇ વિપરીતરે. રાજ. ૧૬
ઉદાશી હદ બેહદ હવીરે, કહેતાં ન આવે પાર;
શિવરાજ કહે શુવર્ણવુંરે, જાતાં ઇશ્વર અંશી અવતાર. રાજ. ૧૭

ઠુમરી બરવાની.

" રાહ બાટમે ઠુઠકીરી " એ રાહ.

પુરૂશોતમ વિના પુર સુનું, મંદીર સુનું મહારાજ વિનારે. પુ. ટેક.
રાવ બહાદુર રહદા કેરી, બહુ વિધ સુણાવે કામે બીનારે. પુ. ૧

મુકંદજીવનદાસ મુઝાએ, શોકજનક સાધુ કેશ [1]સીનારે. પુ. ૨
ઉભય વહુજી અકળાએ ઉરમાં, ઝેર સમાન લાગે જેમને જીનારે. પુ. ૩
અફસોસ ઉરમીઓ લઇ ઉરમાં, રસિક ગયા રંગ રસના ભીનારે. પુ. ૪
શિવરાજ કહે શોકજનક ભારી, દર્શાવી ગયે દસ્ત બરે રહીનારે. પુ. ૫

ગુણ કથન.

પદ–રાગ સોરઠ ગરબી,

" ઉધવજી સંદેશડો, કહેજો મથુરાં મોઝાર "

ગુણનીધી ગુણિયલ ગયા, પુરષોતમપ્રસાદ;
જેથી કરી જન સર્વના, અસ્ત હવા અહલાદ. ગુણનીધી. ટેક.
ધર્મનો ધોરી થંભ ધશો, ખળભળયું જેથી ખગોળ;
ખોટ જાણી આ ખલકમાં, અફસોસ હવો અણુતોલ. ગુણનીધી. ૧
મર્તબાદાર મોટાં રાજયોમાં, મોટું મેળવ્યું માન;
કેશવસુત હવા કેસરી, બહાદુર બુદ્ધિનીધાન. ગુણનીધી. ૨
પચાર કીધો પ્રથ્વી વિશે, નીજ ધર્મનો ખુબ;
ગણુયા ગુરૂ ગ્નાનીલોકમાં, મહીમા વાળા મેહેબુબ. ગુણનીધી. ૩
દીગવીજય કરી દેશમાં, પરદેશ મોઝાર;
સંપ્રદાય સારો સાચવ્યો, અધમનો કરી ઓધાર. ગુણનીધી. ૪
સાધુ બ્રહ્મચારી સર્વમાં, વદી વચનામૃત મુખ;
શાસ્ત્રાર્થ કરી સેજમાં, ઉપજાવતારે સુખ; ગુણનીધી. ૫
વભો ચલાવ્યો વડીલનો, માની મન મર્યાદ;
ઉચે સ્વરે નહી ઉચર્યા, કદી કથન એકાદ. ગુણનીધી. ૬

---

૧ હેયું. ૨ મેંદી.

તેજસ્વી તન થયા પછી, માયા કરવીરે ત્યાગ;
કર્યું તેમ કેશવપ્રશાદજીએ, વપુમાં આણી વૈરાગ. ગુણુનીધી. ૭
જેથી ઝાઝા માહીતગાર હવા. પુરૂષોતમપ્રસાદ;
અકળાયા નહી ઉરથી, સુણી સર્વની દાદ. ગુણુનીધી. ૮
જીવનનું સાર્થક જકતમાં, પ્રભુ સેવાને પુણ્ય;
કીધુ તેમણે કોડથી, નેક રાખી ન નુન્યુ. ગુણુનીધી. ૯
કૌમોદી આદેનો કરયો, ઉમદો અતી અભ્યાસ;
તેથી તમામ શાસ્ત્રો વિશે, પરીમલ હવો પ્રકાશ. ગુણુનીધી. ૧૦
વચનામૃતો વિધ વિધનાં, સબળ કરી સિદ્ધાંત;
સંભળાવતા સાધુ સદ્‌ગૃહસ્થોને, સત્ય શાસ્ત્રો વેદાંત. ગુણુનીધી. ૧૧
સમાધી વિશે સુજીયું, આવી પહોચ્યો અવકાશ;
વિરાજવા શ્રી વાસુદેવને, વ્યુલ કીધુ નીરવાણુ; ગુણુનીધી. ૧૨
આઠ મહિના અગાઉ તેમણે, મુકી જીવનની આશ;
ટ્રસ્ટી કીધા તે સમે, રાખવાને તપાસ. ગુણુનીધી. ૧૩
જેથીકરી જેઓ થયા, ગુરૂ ગાદી નશીન;
સતસંગી સદગૃહસ્થની સભા હવી, દબાદાર તે દીન. ગુણુનીધી. ૧૪
કેશવ સુત હવા કેશરી, મીઠો રત મેરાણુ;
તરૂણ અરૂણ સમ ઉદે થઇ, હસ્ત હવા સુજાણ. ગુણુનીધી. ૧૫
વડો વૈભવ વિસેખીને, મન હવા ન મગરૂર;
ખુશનુમા સુસ્વભાવથી, હવા મેદની મશહુર. ગુણુનીધી. ૧૬
શીળ સંતોષને સત્યતા, નીર્મળ રાખીરે નીત;
સતસંગી સાધુપરે, પરમ દર્સાવી પ્રીત. ગુણુનીધી. ૧૭
સુરગુરૂ જેવાં શોભતાં, ગંગા જેવાં ગંભીર;
સુધા સમાન વચનો વદી, પેંગી આપતા ધીર. ગુણુનીધી. ૧૮

કૃપાળુ કેશવપ્રસાદનો, વિસર્યો ન વિયોગ;
તેમાં તેજસ્વી તન તણો, બુરો બન્યો સંજોગ. ગુણનીધી. ૧૯
હીત ચાહાનારા હરેકનું, અમુલ્ય સ્વભાવના એન;
શાબાશી સારી મેળવી, ચાતુરીનાં બતાવી ચેન. ગુણનીધી. ૨૦
ગુણનીધી ગુણો ગુરૂ તણા, ગાગરમાં ન સમાય;
પ્રતાપી પુરૂષોતમ પ્રસાદના, ઘણા કેમ ગવાય. ગુણનીધી. ૨૧
શિવરાજ શિરનામી કહે, ધર્મ ધુરંધર ધીર;
વિસાર્યા નહી વિસરે, જેથી દીલ દીલગીર. ગુણનીધી. ૨૨

રાગ પદ.

" બદ્રીપતીનાથનુ લેને શરણુરે. " એ રાગ.

પુરૂષોત્તમપ્રસાદ ગયા ગુણકારીરે, વિમળ કીરતી વિશ્વમાં વિસ્તારી.
પુરૂશોતમ. ટેક.
પરોપકારી સુપ્રભા પ્રકાશીરે, દરશન કીધે દુર થાય ઉદાશી;
કરી કરણી સુકેવળ કાશી, પુરૂશોતમ. ૧
મુખ મુદ્રા શોભતી સારીરે, નેનસરોજ નેહ ભર્યાવારીરે;
અતી અણીઆળાં શીતળકારી, પુરૂશોતમ. ૨
મૃદુ હાસ્ય અધરમાંહે કરતારે; સુધા સમાન સુબોલો ઉચરતારે;
હરિભકતોના સંસયો હરતા, પુરૂશોતમ. ૩
આચાર્યપદની અહંતા લાવીરે, કોપ બુદ્ધિ કદી ન દરશાવી;
મંદીર આદીની મહતા શોભાવી. પુરૂશોતમ. ૪
સદા સદાચરણથી ચાલીરે, કુંળકરી મર્યાદા સંભાળીરે.
પરીમલ વર્તમાનો પાળી. પુરૂશોતમ ૫

જુઠું વેણુ કદી નહી ભાખ્યુંરે, દેવ સમાન દૈવત દાખ્યુંરે:
પરીયા કેરૂ પણજ રાખ્યું, પુરૂશોતમ. ૬
કદી વિચર્યા ન વાંકી વાટેરે, જુષા બોલ્યા નહી શીર સાટેરે;
માયા કેરા લોભને માટે પુરૂશોતમ. ૭
નિરવ્યસની ને નીરવિકારીરે, વેદ શાસ્ત્રોના હવા વિહારીરે;
સુદ્ધ બુદ્ધિના શુદ્ધ વિચારી, પુરૂશોતમ ૮
નારણઘાટનો નૌતમઆરો રે, શોભાયમાન બંધાવ્યો સારો રે;
હઠે નહી તે વર્ષો હજારો. પુરૂશોતમ ૯
શાહીબાગના સમીપમાં છાજે રે, કમિશનર [1]શેલી જ્યાં વિરાજેરે;
ગરવી સાભરને ગાડી ત્યાં ગાજે, પુરૂશોતમ ૧૦
દરવાજા કીધા દીતપમાનરે; ઓપતા ઇંદ્રપુરીના સમાન;
છજા ઝરૂખાં ઝાંખે સૌ જહાન, પુરૂશોતમ ૧૧
મંદીર કેરા મહા મોટા વિશાળ રે, ઘણી શોભતી જેમાં ઘડિઆળરે;
વાજે નોબતને રેહે રખવાળ, પુરૂશોતમ. ૧૨
બંગલો બનાવ્યો આણી બહુ હુંશરે, જોઇ દીલ થાયે ખુશખુશરે;
ઇંદ્ર ભુવન સો દીપે દુસમુશ, પુરૂશોતમ. ૧૩
વિષેશ સોભતી જ્યાં ફુલવાડીરે, સંતોષ કરે સુગંધ પમાડીરે;
ફળ ઝાડોની ઝુકી રહી ઝાડી, પુરૂશોતમ. ૧૪
આઘે મંદીરની મહતા કેરાંરે, કૃપાળુ કામો કીધાં ઘણેરાંરે;
દીપ્તમાન કીધાં સૌ દેહરાં, પુરૂશોતમ. ૧૫
કેટલાંક કામો કરત ઉપકારીરે, કહી શકાય નહી તે ઉચારીરે;
ભવ્ય મનના હુતા તે ભારી, પુરૂશોતમ. ૧૬

---

૧ સાહેબ.

ધવળ કીધા મંદીરમાં ધારારે, સાધુ બ્રહ્મચારી પાળાને પ્યારરે;
સેવક જનોને લાગે તે સારા, પુરૂશોતમ ૧૭
તજી મોહ મચ્છર અહંકારારે, જુઠા જાણી આ જગપસારારે;
કહે શિવરાજ સુમોક્ષદેનારા, પુરૂશોતમ ૧૮
જગ માંહે જડે નહી જોડીરે, ગુણો ગાઊ શું મમ મતી થોડીરે;
અફ્સોસ અપુત્રે દેહ છોડી, પુરૂશોતમ. ૧૯

ગજલ, રાગ ભેરવી.

"ચંદ્ર મુખીને એકલી, મુકીને આવ્યો અહી" એ રાહ.

અફ્સોસ ઓછી ઉમરે, આચાર્ય અક્ષય ધામમાં;
વિરાજીયા વેગે કરી, સુરતા પ્રોઇ ઘનસ્યામમાં અફ. ટેક.
ઝળકતા મહા જળહળી, સુર્ય જેવા સૃષ્ટિમાં;
આવે નહી હવે ફ્રરી, દાના દયાળ દૃષ્ટિગાં. અફ. ૧
સરોજ જેવી શોભતી, મનોહર જેમની મુખ મુદ્રા;
હસ્તી દીસ્તી હરઘડી, સાધુ પાળા સંગે સદા. અફ. ૨
મોહ મચ્છર માયા તજી, ભજી ભાવે ભગવાનને;
સમાધીનીષ્ટ થઇ સંચર્યા, ઓળખી લઇ અવશાનને. અફ. ૩
શાબાશી સારી મેળવી, સુસોભતી સતસંગમાં;
આચાર્ય પદ ધારી અરે, અહંતા આણી નહિ અંગમાં. અફ. ૪
શીવરાજ કહે બહુ શોધતાં, મનોહર મુરતી નહી મળે;
જેથી જન સમુદાયનાં, ખળકા બંધ અશ્રુ ના ખળે. અફ. ૫

ઈશ્વર ઈચ્છા.

" વાંસલડી વાગીને હુતો જાગી " એ રાગ.

શ્રીજી મહારાજને મન શું ભાવ્યું. તેડયા પાસે લાખોનું દીલ દુખાયું;
શ્રીજી. ટેક.
જરૂર શી જગપતીને પડી ત્યાંહે, ખોટ પાડી ખુબજ ખલકની માંહે;
તરૂવર તલકે બેઠા જેની છાંયે, શ્રીજી. ૧
શોકમય સગાં સહોદર ભારી, છટાદાર ગયા છપઇયા વિહારી;
અરરર હરેકના હીતકારી, શ્રીજી. ૨
મુલકો માંહે મેળવી મુબારકબાદી, પરાજય કીધા સર્વે પ્રમાદી;
હતા મર્તબાદાર મોટા મરજાદી, શ્રીજી. ૩
સોળ વર્ષ છત્ર શીરે શુભધારી, વડો વૈભવજ મેલ્યો વિસારી;
અઠ્ઠેચ્છ ઉમરે હતા અક્ષય વિહારી, શ્રીજી. ૪
બહાદુર ગયાં પુરે બત્રીશમે વર્ષે, તેથી કરી તમામનાં દીલ તરશે;
મનોહર મુરતી કયારે તે મળશે, શ્રીજી. ૫
જાય! તે સૌજનો છે જનારા, રાજા રંક નથી રહેનારા;
જ્ઞાની ધ્યાની ગૃહસ્થો ધરમ ધરનારા, શ્રીજી. ૬
કાચી કાયા પાણી તેણો પરપોટો, ભરૂશો આણુવો એનો ખોટો;
મળે નહી મેદનીમાં જેમનો જોટો, શ્રીજી. ૭
"સામર્થ નહી ઉપાય જેનોરે કરવા, ઘટે નહી શોકજ તનારે ધરવા;
"બોલ એવા બહુનામી છે ઉચરવા, શ્રીજી. ૮
શ્રીહરિનું સમરણ કીધે સુખ થાયે, માયાજાળ મન થકી મુકાયે;
જીવપણુ જરૂર તેહનું જાયે, શ્રીજી. ૯

વિરહ વેદના દેહની દુર પળાજો, સગાં સતસંગી સર્વે સુખા થાજો;
વડો યસ વાસુદેવપ્રસાદનો ગવાજ્યો, શ્રીજી. ૧૦
વડુ આયુશ વાસુદેવ મહરાજા પામો, વપુ કેરી વેદના દુર વિરામો;
વડીલ જેવા જાજુરમાન જગમાં જામો. શ્રીજી. ૧૧
પુરૂશોતમ મહારાજાનું પણ રાખો, પ્રભુતા પુરણ દુનિયામાં દાખો;
ભવ્ય વનામૃતો મુખે ભાખો. શ્રીજી. ૧૨
કવિ શિવરાજ કહે શીર નામી, ખલકમાં ઉપજે નહી આવારે ખામી;
આરત નાદે અરજ છે અંતરજામી, શ્રીજી. ૧૩
વિલંબ આ વિરહને હવે ભારી, અફશોસ હોવાથી રે આજારી;
સેવા બની આવી તે લેજ્યો સ્વીકારી, શ્રીજી. ૧૪

દુહો

દેખે બિન દીની દવા, સુબુદ્ધ શંકરલાલ;
સીવીલમેં સર્વોપરી, ડાકતર પરમ દયાલ. ૧

સમાપ્ત.

विज्ञापना.

दुहो.

સુરતિ જાનો મનુષ્યકી, રખિ નહિ રહંત;
કબુ કાલ લે જાયગો, કીરતિ રહે અનંત. ૧

આ ચોપડી અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં બારોટ. શીવલાલ ખુશાલભાઇ (જે કચ્છ દીવાનશ્રી મોતીલાલ લાલભાઇની દીકરીનું વિવાહ વર્ણન, સોજીંત્રીનું નાટક ગાયન સંગ્રહ, આનરેબલ રા. બા. રણછોડલાલ છોટાલાલનું વિરહ ચરિત્ર, ધરમપુરના મહારાણાશ્રી નારણદેવજીનું વિરહ ચરિત્ર. સર. જમસેદજી જીજીભાઇ બારોનેટના દીકરા ખરસેદજીનો વિરહ, સર. દીનસાહજી બારોનેટ પીટીટના દીકરા ફરામજીનો વિરહ, દુકાળ દરપણ,) વગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કવિ. શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ્ટ.

ગ્રંથ કર્તા.